# વીમા કંપનીએ નાકની સારવારને કિડનીની સારવાર સમજી નકારેલો ક્લેમ વ્યાજ-વળતર સાથે વીમાદારને અપાવ્યો

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)

વીમા કંપનીના અજીબોગરીબ રીતે વીમેદારોના ક્લેમ રીજેક્ટ કરવાના રેઢિયાળ કારભારને વધુ એક વાર ઉજાગર કરવા એક કિસ્સામાં- મહિલા દર્દીએ નાકની sinusitis ની કરાવેલ સર્જરીનો ક્લેમ ટ્રીટીંગ ડૉકટરે સારવાર કિડનીની ન હોવાના આપેલા પ્રમાણપત્રને પણ અવગણીને સારવાર કિડનીના સ્ટોનની હોવાનું ખોટું અનુમાન કરીને કિડનીની સર્જરીનો ક્લેમ બે વર્ષ સુધી ચૂકવણીપાત્ર ન હોવાની પોલીસીમાં શરત હોવાનું જણાવી રીજેક્ટ કરેલો ક્લેમનો મામલો ગ્રાહક અદાલતમાં પહોંચતા સુરત જિલ્લા કમિશન(એડિશનલ)ના પ્રમુખ ન્યાયાધીશ કે.જે.દશોંદી અને સભ્ય પૂર્વી જોષીએ ક્લેમની રકમ રૂ. 4,77,238/- વાર્ષિક 9%ના વ્યાજસહિત તેમ જ વળતર / ખર્ચના બીજા 4,000/- વીમા કંપનીને ચૂકવી આપવાનો આદેશ આપતો હુકમ કર્યો છે.

ચેતન સુરતવાળા (ફરિયાદીનં.(1)) અને ખ્યાતિ સુરતવાળા (ફરિયાદી નં. (2)) એ એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ, ઈશાન શ્રેયસ દેસાઈ મારફત સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેર હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની લિ. (સામાવાળા) વિરુદ્ધ દાખલ કરેલ ફરિયાદની હકીકત એવી હતી કે, ફરિયાદી નં. (1)નાએ પોતાનો તથા પોતાની પત્નીનો Health Insurance તરીકે ઓળખાતો રૂ.5 લાખનો સામાવાળા વીમા કંપની કનેથી વીમો લીધેલો હતો. મજૂકર વીમો અમલમાં હતો તે દરમિયાન મે-2021ના અરસામાં ફરિયાદી નં. (2)ને જમણી આંખમાં વિઝનમાં તકલીફ પડતાં અને આંખમાં દુખાવો થતો હોવાથી શહેર સુરત મુકામે આવેલ Unique Hospital Multispecialty Research Institute માં લઈ જવામાં આવેલ અને ત્યાં ડૉ. સમીર ગામી અને ડૉ. ફરીદા વાડિયાની સલાહ અનુસાર ફરિયાદી નં. (2)ને તા. 04/05/2021ના રોજ ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ, મજકૂર હોસ્પિટલમાં ડૉ.સમીર ગામી અને ડૉ. ફરીદા વાડિયાએ ફરિયાદી નં. (2)ના જરૂરી ટેસ્ટ કરાવડાવેલા. જેમાં ફરિયાદી નં. (2)ને Sinisities with Invasive Fungal Sinusitis હોવાનું નિદાન થયેલું. જેથી તબીબી સલાહ અનુસાર ડૉ.ફરીદા વાડિયા [ENT Surgeon] દ્વારા તા. 05/05/2021 ના રોજ ફરિયાદી નં. (2)નું B/L Endoscopic Debriment, B/L Fess ની સર્જરી કરવામાં આવેલ અને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવેલી અને ત્યાર બાદ ફરિયાદી નં. (2)ને તા. 07/05/2021ના રોજ મજકૂર હોસ્પિટલમાંથી




**વધુમાં ટ્રીટીંગ ડૉક્ટરના સર્ટિફિકેટ કે જેમાં ટ્રીટીંગ ડૉક્ટરે જણાવ્યું હતું કે ફરિયાદીને પથરીને લગતી કોઈ સર્જરી કરવામાં આવેલ નથી અને ફરિયાદવાળી ટ્રીટમેન્ટને કિડની સ્ટોન સાથે સંબંધ નથી તે પણ દર્શાવી ફરિયાદીની ફરિયાદ મંજૂર કરવા રજૂઆત કરી હતી**

રજા આપવામાં આવેલી. અત્રે એ નોંધનીય છે કે, મેડિકલ સાયન્સ અનુસાર ફંક્શનલ એન્ડોસ્કોપિક સાઈનસ સર્જરી (FESS) એ એક આક્રમક પ્રક્રિયા છે જે સાઈનસ વેન્ટિલેશનને સુધારવા માટે પેરા નેઝલ સાઈનસના નાકના ડ્રેનેજ માર્ગોને વિસ્તૃત કરવા માટે નાકના એન્ડોસ્કોપનો ઉપયોગ કરે છે. મજકૂર હોસ્પિટલાઈઝેશન, સર્જીકલ ટ્રીટમેન્ટ, મેડિકલ ટ્રીટમેન્ટ, જુદાં-જુદાં ટેસ્ટસ, દવાઓ, ઈન્જેકશનો વગેરે માટે થઈને હમો ફરિયાદી નં. (2)ને કુલ ખર્ચ રૂ. 4,70,238/- થયેલો. જેથી ફરિયાદીઓએ સામાવાળા વીમા કંપની સમક્ષ ક્લેમ કરેલો.

સામાવાળા વીમા કંપનીએ તાઃ 03/06/2021 ના રોજના પત્ર દ્વારા ફરિયાદીનો ક્લેમ નામંજૂર કરેલો મજકૂર ક્લેમ નામંજુર કરવા માટે સામાવાળા વીમા કંપનીએ જણાવેલુ કે, ફરિયાદીની સારવાર કિડની Ureter Stoneની ટ્રીટમેન્ટનો ક્લેઈમ માટે વીમા પોલિસીમાં 2 વર્ષના Waiting Periodની જોગવાઈ હતી એટલે કે સર્વપ્રથમ પોલિસી લીધા પછી બે વર્ષ પુરા થયા પછી જ કિડની યુરેટોર સ્ટોનનો ક્લેઈમ મળી શકે. જ્યારે ફરિયાદીની વીમા પોલિસીને બે વર્ષ પૂરા થયા ન હતા. જેથી ક્લેમ ચુકવણી પાત્ર ન હોવાનું જણાવ્યું હતું. જેથી ફરિયાદી એ ગ્રાહક મિશનના દરવાજા ખટખટાવાની જરૂરત પડી હતી.

ફરિયાદી તરફે એડવાકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ, ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલોમાં જણાવ્યું હતું કે, ફરીયાદી નં. 2ને Invasive Fungal Sinusitisની બીમારી હતી. સર્જીકલ ટ્રીટમેન્ટ ENT સર્જન ડૉ. ફરીદા વાડીયાએ કરી હતી. સૌ પ્રથમ બીમારીની જાણ મે- 2021માં થઈ હતી. તબીબી સલાહનુસાર ફરીયાદી નં.2ની B/L ENDOSCOPIC DEBRIMENT, B/L FESSની સર્જરી કરવામાં આવેલ અને જરૂરી સારવાર આપવામાં આવેલ. ફરીયાદી નં. (2) એ નાકની બીમારી સંબંધિત સારવાર લીધી હતી. Renal કે યુરેટર Stone સંબંધે કોઈ સારવાર લીધેલ નથી. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદી નં. (2)નાએ તો Sinusitisની સારવાર માટે ગયેલા ત્યારે જરૂરી ટેસ્ટ તેમજ સીટી સ્કેન કરતા તેના રીપોર્ટમાં તે સમયે યુરેટીક સ્ટોનનું પણ વધારાનું નિદાન થયેલું પરંતુ તે નિદાન કો-ઈન્સિડેન્ટલ હતું. ફરીયાદી નં. (2) એ સારવાર યુરેટીક સ્ટોનની કરાવી ન હતી. યુનિક હોસ્પિટલના ડિસ્ચાર્જ સમરીમાં પણ તે બાબતે નોંધ કરવામાં આવેલ છે. આમ, યુરેટીક સ્ટોન માટે ફરીયાદી નં. 2 એ સારવાર લીધી ન હતી. વધુમાં ટ્રીટીંગ ડૉક્ટરના સર્ટિફિકેટ કે જેમાં ટ્રીટીંગ ડૉક્ટરે જણાવ્યું હતું કે ફરિયાદીને પથરીને લગતી કોઈ સર્જરી કરવામાં આવેલ નથી અને ફરિયાદવાળી ટ્રીટમેન્ટને કિડની સ્ટોન સાથે સંબંધ નથી તે પણ દર્શાવી ફરિયાદીની ફરિયાદ મંજૂર કરવા રજૂઆત કરી હતી. સુરત જિલ્લા ગ્રાહક મિશન (એડિશનલ)ના પ્રમુખ ન્યાયાધીશ કે. જે. દશોંદી તેમજ સભ્યશ્રીમતી પૂર્વીબેન જોષીએ ફરિયાદીની ફરિયાદ મંજૂર કરી ફરિયાદીના ક્લેમ પેટે રૂપિયા 4,77,238/- ફરિયાદની તારીખથી વાર્ષિક 9% ના વ્યાજ સહિત તેમજ વળતર ખર્ચના બીજા રૂા. 4,000/- સહિત હુકમની તારીખથી દિન 30માં ચૂકવી આપવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે.

:: કેન્ડલ લાઇટ ::

દરેક સદગુણી માણસમાં એક બદમાશ
છુપાયેલો હોય જ છે.

- હરિકિશન મહેતા

# ચોમાસામાં થતાં રોગો અને તેને અટકાવવા શું કરવું?

ચોમાસાની ઋતુમાં હવામાનમાં થતાં ફેરફારને કારણે અને હવામાં ભેજ (HUMIDITY)નું પ્રમાણ વધવાને કારણે બેક્ટેરિયા, વાઈરસ અને ફૂગજન્ય (FUNGUS) રોગો જોવા મળે છે. વરસાદને કારણે પાણીનો ભરાવો થાય છે અને ગંદકીનું પ્રમાણ વધે છે. વળી મચ્છરોનો ઉપદ્રવ પણ વધે છે તેથી શહેરમાં રોગચાળો ફેલાય છે. તો વર્ષાઋતુમાં કયા રોગો જોવા મળે છે?

(1) પાણીજન્ય રોગો (WATER BORNE DISEASES): આ રોગો દૂષિત પાણી અને દૂષિત ખોરાકથી થાય છે જેવા કે ઝાડા-ઊલટી, ડાયેરીઆ-ડીસેન્ટ્રી, ટાઈફોઈડ, કોલેરા, લેપ્ટોસ્પાઈરોસીસ વગેરે.

(2) વેક્ટરજન્ય રોગો: આ રોગો મચ્છર જેવાં જંતુઓથી ફેલાય છે. મચ્છર ભેજવાળા વાતાવરણમાં અને ભરાયેલા પાણીમાં વૃદ્ધિ પામે છે. મચ્છરને કારણે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો થાય છે.

(3) વાઈરસને કારણે તાવ (વાઈરલ ફીવર), શરદી, ખાંસી, હીપેટાઈટીસ A અને હીપેટાઈટીસ E (કમળો)

(4) ફન્ગસને કારણે ચામડી પર ખંજવાળ આવવી (એલર્જીક ડર્મેટાઈટીસ), એથ્લેટ ફૂટ, રીંગવર્મ (દરાજ), નખમાં ફન્ગલ ઈન્ફેક્શન ચોમાસામાં રોગો થતાં અટકાવવા શું કાળજી રાખવી?



(1) ઘરમાં તથા ઘરની બહાર સ્વચ્છતા જાળવો. (2) ઉકાળેલું પાણી પીવું (3) બહાર નીકળો ત્યારે છત્રી કે રેઈનકોટ હંમેશ સાથે રાખો. (4) લાંબાં વસ્ત્રો પહેરવાં (5) ઘરની આસપાસ પાણી ભરાવા ન દેવું. (6) હોટલ કે લારી પરનો ખોરાક ન ખાવો. વાસી ખોરાક ન ખાવો જોઈએ. ગરમ- તાજો તથા સાદો ખોરાક ખાવો. ચોમાસામાં પાચનક્રિયા થોડી મંદ પડે છે તેથી હળવો, સરળ અને શુધ્ધ ખોરાક શ્રેષ્ઠ રહેશે. (7) 8-10 ગ્લાસ

**વેક્ટરજન્ય રોગો મચ્છર જેવાં જંતુઓથી ફેલાય છે. મચ્છર ભેજવાળા વાતાવરણમાં અને ભરાયેલા પાણીમાં વૃદ્ધિ પામે છે. મચ્છરને કારણે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો થાય છે**

પાણી પીવું (8) વારંવાર સાબુથી હાથ ધોતાં રહેવું. (9) જો વરસાદ પડતો હોય તો ઘરમાં 30-40 મિનિટ ચાલવું તથા થોડીક સ્ટ્રેચીંગ એક્સરસાઈઝ યોગ, પ્રાણાયમ કરવા (10) પૂરતી ઊંઘ લેવી, જેનાથી ઈમ્યુનીટી પણ વધશે. (11) સુ.મ્યુ.કો. પાણીને સુપર ક્લોરિનેશન કરીને લોકોને પહોંચાડવું. રસ્તાઓ પર થયેલી ગંદકી-કાદવ તથા જમા થયેલા પાણીનો ઝડપથી નિકાલ કરવો.

- ડો. કિરીટ એન. ડુમસિયા

**એક સુવિચાર**

આંખો બધાંની સરખી હોય છે...
પણ દૃષ્ટિકોણ બધાંનો સરખો નથી હોતો!